Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/ ૧૧૨૯૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૦/૦૭/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ
સુરત.

૨/- ઉપરોક્ત પત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

અગત્યનું તાત્કાલિક/ By Email

# જિલ્લા નાયબ નિયામક (વિ.જા) ની કચેરી,

જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બહુમાળી ભવન કેમ્પસ,નાનપુરા,સુરત

ફેન નં.૦૨૬૧-૨૪૬૦૬૯૮ email: d.dirsurat@gmail.com

નં.જિનાની/વિ.જા/૨૦૨૩-૨૪/૨૭૮ તા.૨૭/૬ /૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી તમામ,

.............................................

સુરત

વિષય: PM YASASVI પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ(SEBC,EBC & DNT)અંતર્ગત બેંક એકાઉન્ટ સાથેઆધાર કાર્ડનું લિંકીંગ (સીડીંગ) કરવા બાબત.

સંદર્ભ:- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા ગાંધીનગરના તા.૩૧/૦૫/૨૩ની વીડીયો કોન્ફરન્સ

જય ભારત સહ જણાવવાનું કે, વર્ષ ૨૦૨૨-૨૩ ના શૈક્ષણિક સત્ર દરમ્યાન P.M YASASVI પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ(SEBC,EBC & DNT)અંતર્ગત સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર કોલેજો/યુનિવર્સિટીઓ/ITI/સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિકસતી જાતિના (SEBC,EBC & DNT)વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ કે જેમની અરજી જિલ્લા કક્ષાએથી મંજુર કરવામાં આવેલ છે તેવી અરજીઓનું અંદાજે ૧૫-૨૦ દિવસમાં ચુકવણું કરવામાં આવનાર છે. જેથી તમામ વિદ્યાર્થીઓને તાત્કાલીક બેંક એકાઉન્ટને આધાર કાર્ડ સાથે લિંકીંગ (સીડીંગ) કરવા જરૂરી સુચના આપવા વિનંતી છે. તેમજ જે વિદ્યાર્થીઓનું બેંક એકાઉન્ટ આધાર કાર્ડ સાથે લિંકીંગ (સીડીંગ) ન હોય તેવા વિદ્યાર્થીઓના Payment Unsuccessful/Transaction Fail થશે. જે ગંભીર બાબત છે. જેથી તમામ શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીએ અંગત રસ લઈ વિદ્યાર્થીઓને મદદરૂપ બની બેંક એકાઉન્ટને આધાર કાર્ડ સાથે લિંકીંગ (સીડીંગ) કરવા જરૂરી સુચના આપવા વિનંતી છે. તેમજ જે વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે તો તેની સઘળી જવાબદારી જે તે શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીની રહેશે.

Joshi

જિલ્લા નાયબ નિયામક

વિ.જા,સુરત

નકલ રવાના:

૧.રજિસ્ટ્રારશ્રી, વી. એન. એસ. જી. યુનિવર્સીટી સુરત સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૨.રજિસ્ટ્રારશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સીટી સુરત સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૩.રજિસ્ટ્રારશ્રી, એસ.વી.એન.આઇ.ટી.યુનિવર્સીટી સુરત સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૪.રજિસ્ટ્રારશ્રી, પી. પી. સવાણી યુનિવર્સીટી સુરત સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૫.રજિસ્ટ્રારશ્રી, ઉકા તરસાડીયા યુનિવર્સીટી સુરત સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૬.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સુચના આપવા તથા આપની વેબ સાઇટમાં ઓનલાઇન મુકવા સારૂ.

સમયમર્યાદા/અગત્યનુ

# જિલ્લા નાયબ નિયામક (વિ.જા) ની કચેરી,

જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બહુમાળી ભવન કેમ્પસ,નાનપુરા,સુરત
ફોન.નં.૦૨૬૧-૨૪૬૦૬૯૮ email:d.dirsurat@gmail.com

નં.જિનાની/વિ.જા/પો.શિ.વૃ/૨૦૨૩-૨૪/ ૨૬૬ તા.૨૭/૦૬/૨૦૨૩

પ્રતિ,

(૧)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત
(૨)રજિસ્ટ્રારશ્રી, વી. એન. એસ. જી. યુનિવર્સીટી સુરત
(૩)રજિસ્ટ્રારશ્રી એસ.વી.એન.આઇ.ટી.યુનિવર્સીટી સુરત
(૪)રજિસ્ટ્રારશ્રી, પી. પી. સવાણી યુનિવર્સીટી સુરત
(૫)રજિસ્ટ્રારશ્રી, ઉકા તરસાડીયા યુનિવર્સીટી સુરત
(૬)મદદનીશ નિયામકશ્રી(તાલીમ) પ્રાદેશિક કચેરી, સુરત

વિષય: વર્ષ ૨૦૨૨-૨૩ માટેPM YASASVI Pre Matric & Post Matric Scholorship યોજના અંતર્ગત OBC,EBC & DNTજાતિના વિદ્યાર્થીઓના આધાર નંબર-બેંક ખાતા સાથે લીંક/Adhar Enable for DBT કરાવવા બાબત.

સંદર્ભ: નિયામક,વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૧૩/૦૬/૨૦૨૩ ના પરિપત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/PFMS/૨૩-૨૪/૪૮૬

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ભારત સરકારશ્રીની "PM YASASVI અમ્બ્રેલા યોજના પૈકી Pre Matric & Post Matric Scholorship યોજના શિષ્યવૃત્તિ ચુકવણીમાં ફેરફાર કરવામાં આવેલ છે. ઉકત યોજનાઓ હેઠળ ભારત સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ SNA Account મારફતે PFMS Portalથી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવાની થાય છે. તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, દિલ્હી દ્વારા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનું ચુકવણું PFMS Portalથી આધારબેઝ કરવા જણાવેલ છે એટલે કે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હોય તેમા જ કરવાનું રહેશે. જે વિદ્યાર્થીઓના આધાર નંબર- બેંક ખાતા લીંકના હોય/Adhar DBT Enable ના હોય તેવા વિદ્યાર્થીઓને નીચે મુજબની તાત્કાલિક સુચના આપવા વિનંતી છે.

૧. જે વિદ્યાર્થીનું Adhar Cardઅપડેટ ના હોય (inactive)તો તેવા વિદ્યાર્થીએ Adhar Centerપર જઈને પોતાની KYCની વિગતો આપી પોતાનું Adhar Cardઅપડેટ કરાવવાનું રહેશે.
૨. જે વિદ્યાર્થીનું Bank Accountઅપડેટ ના હોય (inactive) તો તેવા વિદ્યાર્થીએ પોતાની Bank Branchમાં જઈને પોતાનું Bank Account Activeકરાવવાનું રહેશે.

૩. જે વિદ્યાર્થીનું આધાર નંબર – બેંક ખાતા સાથે લીંક નથી તેવા વિદ્યાર્થીએ પોતાની Bank Branchમા જઈને આધાર નંબર – બેંક ખાતા સાથે લીંક કરાવવાનું રહેશે તેમજ બેંક મારફતે લીંકની વિગત NPCI Serverપર મોકલવા બેંક અધિકારીને જણાવવાનું રહેશે.

(જેથી વિદ્યાર્થીનો બેંક એકાઉન્ટ Adhar Enable for DBTથયેથી PFMSમારફતે અત્રેથી શિષ્યવૃત્તિ ચુકવી શકાય)વિદ્યાર્થીનું બેંક ખાતુ – આધાર નંબર સાથે લીંક થયેલની વિગતો NPCI Serverપર Activeછે કે નહી તે Digital Gujarat Portalપરથી નીચે આપેલ Loginથી checkકરી શકાય.

- આચાર્યશ્રી દ્વારા
  શાળા/કોલેજ/સંસ્થાનો Login - Utility – Adhar Bank Seeding Status
- વિદ્યાર્થીનું Login - Utility – Adhar Bank Seeding Status

આમ, નવી ગાઇડલાઇન મુજબ પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિનું ચુકવણૂં કરી શકાય તે માટે ઉક્ત તમામ વિગતો ધ્યાને લઈ આપના હસ્તકની શાળા/કોલેજ/સંસ્થા/ફેકલ્ટીના ડીનશ્રી/આચાર્યશ્રીઓને અંગત રસ લઈ વિદ્યાર્થીઓને તાત્કાલીક આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સુચના આપવાં વિનંતી છે.

M. Joshi
જિલ્લા નાયબ નિયામક
વિ.જા, સુરત